PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૩/કવા–૦૪/૧૬–૧૭/ ૮૬૪ તા. ૩૦/૦૧/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જાદુભાઈ લખમણભાઈ કોળી,
ગામ: વેગડવાવ,
તા. હળવદ
જી: મોરબી

**વિષય :–વીજબીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૩/કવા–૦૪/૧૬–૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૩.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, હળવદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, હળવદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૦૩/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૫–૦૧–૧૭ | સ્થળ :–મોરબી |

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ:** જાદુભાઈ લખમણભાઈ કોળી,**ગામ:** વેગડવાવ

**રજુઆત કરનાર :** અરજદાર શ્રી ના પુત્ર સુભાષભાઈ જાદુભાઈ કોળી હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) :** ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,હળવદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, હળવદ)

**રજુઆત કરનાર :** ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,હળવદ ના નાયબ ઈજનેર વી.સી.જેઠલોજા

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૭૩૬૩૪/૦૦૨૦૨/૬ માહેના મકાનનો જોડાયેલ વીજભાર ઘણોજ ઓછો છે. તેમજ, છેલ્લા ઘણા વર્ષો થી ૧૦૦ થી ૧૨૫ યુનીટ સુધી નુ બીલીગ, જે વધુમા વધુ રકમ રૂ.૮૦૦/– નુ થાય છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને માહે ઓગષ્ટ–૧૬ મા રૂ.૫,૦૦૦/– ની રકમ નુ જે વીજબીલ અપાયેલ છે, તે વીજબીલ, તેમના જોડાણ ના મકાન ની ક્ષમતા, જોડાયેલ વીજભાર અને, જોડાણ મા સ્થાપિત થયેલ સરેરાશ વીજવપરાશ થી અત્યંત વધુ છે. જેથી, તેઓ શ્રી એ, તેમની ગ્રામ પંચાયત ના લેટરપેડ મા, સબંધક પેટા વિભાગીય કચેરી ને, તા.૦૮–૧૧–૧૬ ના રોજ લેખીત અરજી આપેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી આજદિન સુધી વ્યાજબી ધોરણસર કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૭૩૬૩૪/૦૦૨૦૨/૬ નુ આરસી કંપની ના મીટર નંબર: પીજીએસટી –૫૪૭૭૩૭, જે પીજીવીસીએલ તરફથી તા.૦૭–૦૭–૧૬ ના રોજ, ફર્મો મા –૧૫ નંબર: ૫૯૮૦૦ થી સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે, મીટર મા છેલ્લા રીડીગ ૨૫૧૧ જણાયેલ હતા. તેમજ, આ તા.૦૭–૦૧–૧૭ ના રોજ નવુ એચપીએલ કંપની નુ મીટર નં. પીજીએસટી –૨૯૮૫૭૧૨, જે શરૂઆતના ૦૦૦૦૧ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. ત્યારબાદ, સદર મીટર ને તા.૦૧–૦૮–૧૬ ના રોજ પીજીવીસીએલ ની લેબોરેટરી મા, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. મીટર ચકાસણી દરમ્યાન, મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. આમ, મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય તેમા નોંધાયેલ ૮૮૧ યુનીટ પણ, જોડાણ મા થયેલ વાસ્તવિક વીજવપરાશ મુજબ ના જ હોય યોગ્ય છે. જે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ માહે જુન–જુલાઈ–૧૬ નુ ( જુના મીટર ના, પાછલા ૧૬૩૦ યુનીટ, તેમજ હાલ ના ૨૫૧૧ યુનીટ, તફાવત : ૮૮૧ યુનીટ, તેમજ નવા મીટર મા નોંધાયેલ ૪૯ યુનીટ , એમ ૮૮૧ યુનીટ + ૪૯ યુનીટ = ૯૩૦ યુનીટ) ૯૩૦ યુનીટ નુ, તા.૨૬–૦૭–૧૬ ના રોજ જે બીલીગ થયેલ છે, તે મીટર મા નોંધાયેલ ખરેખર વાસ્તવિક યુનીટ મુજબ નુ જ હોય, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. જે, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત પણ નિયમાધીન છે. |

**મુદ્દા નં.–૩ :**

**: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૭૩૬૩૪/૦૦૨૦૨/૬ નુ સવાલવાળુ જુનુ આરસી કંપની ના મીટર નંબરઃ પીજીએસટી – ૫૪૭૭૩૭, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી થી સ્થળ પરથી ઉતારી અને લેબોરેટરીમા ચકાસણી કરવામા આવતા, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ છે. આમ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, તેમા નોંધાયેલ યુનીટ પણ જોડાણ મા, વાસ્તવિક રીતે થયેલ વીજવપરાશ મુજબ ના જ છે. જેથી, અરજદાર શ્રી ને અપાયેલ માહે જુન–જુલાઈ– ૧૬ નુ, ( જુના મીટર ના, પાછલા ૧૬૩૦ યુનીટ, તેમજ હાલ ના ૨૫૧૧ યુનીટ, તફાવત : ૮૮૧ યુનીટ, તેમજ નવા મીટર મા નોંધાયેલ ૪૯ યુનીટ , એમ ૮૮૧ યુનીટ + ૪૯ યુનીટ = ૯૩૦ યુનીટ ) ૯૩૦ યુનીટ નુ, રકમ રૂ.૫,૬૬૧/૪૬ નુ, તા.૨૬–૦૭–૧૬ ના રોજ જે બીલીગ થયેલ છે, તે મીટર મા નોંધાયેલ ખરેખર વાસ્તવિક યુનીટ મુજબ નુ જ હોય, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. જે, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત પણ નિયમાધીન છે. |
| ૩.૨ | પરંતુ, સદર કેઈસ નો બીલીગ ઇતિહાસ, એટલેકે પી.આર.ટી.–૧૪૫, જે માહે ફેબ્રુઆરી–માર્ચ–૧૩ થી માહે એપ્રીલ – મે–૧૬ સુધી નો બીલીગ ઇતિહાસ, જે ફોરમ કમિટી દ્વારા અભ્યાસે લેતા, ફોરમ કમિટી ને, સદર કુલ ૨૦ બીલીગ સમયગાળા દરમ્યાન, અરજદાર શ્રી ના જોડાણ મા, '' લોક યુનીટ – ૦ યુનીટ '' મુજબ ના વીજબીલો અપાયેલ હોવાની બાબત જણાયેલ છે. એ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ના જુના મીટર મા નોંધાયેલ એવા ૮૮૧ યુનીટ, જે માત્ર માહે જુન–જુલાઈ–૧૬ નો જ વીજવપરાશ નથી. પરંતુ, અગાઉ માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૩ થી માહે એપ્રીલ – મે– ૧૬ સુધી ના કુલ ૨૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા દરમ્યાન, નિયમીત વીજબીલીગ સમયે, પડતર / ચડત રહેલ યુનીટ ના કારણોસર નો જ, એકી સાથે ના ૨૦ દ્રીમાસીક વીજબીલો નો ૮૮૧ યુનીટ નો વીજવપરાશ છે. જેથી, સદર ૮૮૧ યુનીટ ને, કુલ ૨૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા મા વિભાજીત કરવાની બાબત પણ પીજીવીસીએલ ને નિયમાધીન યોગ્ય અને ન્યાયિક રીતે વ્યાજબી જણાયેલ છે. જેથી, જુના મીટર ના સદર ૮૮૦ યુનીટ, જે માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૩ થી માહે એપ્રીલ – મે– ૧૬ સુધી ના સમયગાળા ના કુલ ૨૦ વીજબીલો મા વિભાજી કરી, તે મુજબ પ્રત્યેક ૪૪ યુનીટ પ્રમાણે ની – લાગુ પડતા ટેરીફ મુજબ– પ્રત્યેક ૨૦ વીજબીલો ની, પ્રત્યેક ૪૪ યુનીટ મુજબ ની રકમ પ્રમાણે ની રીવાઇઝ ગણતરી કરી, તેમજ માહે જુન–જુલાઈ– ૧૬ નુ, નવા મીટર મા નોંધાયેલ એવુ ૫૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ નુ, એમ કુલ ૨૧ દ્રીમાસીક વીજબીલો ની રીવાઇઝ ગણતરીપત્રક અરજદાર શ્રી ને, ખાસ પત્ર સાથે, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા આપવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને અપાયેલ – માહે જુન–જુલાઈ– ૧૬ નુ ૯૩૦ યુનીટ નુ, રૂ.૫,૬૬૧/૪૬ નુ તા.૨૬–૦૭–૧૬ ના રોજ અપાયેલ વીજબીલ, જે માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૩ થી માહે એપ્રીલ – મે– ૧૬ સુધી ના સમયગાળા ના કુલ ૨૦ વીજબીલો મા, પ્રત્યેક વીજબીલ ના ૪૪ યુનીટ મુજબ ની ગણતરીએ, તેમજ માહે જુન–જુલાઈ– ૧૬ નુ, નવા મીટર મા નોંધાયેલ એવા ૫૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ મુજબ, વિભાજી કરવાની, એટલેકે અરજદાર શ્રી ને અપાયેલ માહે જુન–જુલાઈ– ૧૬ ના સદર કુલ ૯૩૦ યુનીટ ના સવાલવાળા વીજબીલ ને, માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૩ થી માહે એપ્રીલ – મે– ૧૬ સુધી ના સમયગાળા ના કુલ ૨૦ વીજબીલો ને, પ્રત્યેક ૪૪ યુનીટ ની ગણતરી મુજબ, તેમજ માહે જુન–જુલાઈ– ૧૬ ના વીજબીલ ને ૫૦ યુનીટ ની ગણતરી મુજબ – જે તે સમયે પ્રવર્તમાન રહેલ ટેરીફ પ્રમાણે થતી રકમ ની ગણતરીએ રીવાઇઝ કરી અને, કુલ ૨૧ દ્રીમાસીક બીલીંગ નુ, સુવ્યવસ્થિત ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને, પ્રત્યુતર પત્ર સાથે, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા આપવા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે**, **નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, **સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..**